ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદમાં રસ્તા અને બિલ્ડીંગના ખાતમુર્હૂત કરતા નેતાઓ પાયાની સુવિધા એવી સિટી બસ બાબતે મૌન

આણંદમાં સિટી બસ સેવા ઠપ્પ થતાં ખાનગી વાહનો દ્વારા ઉઘાડી લૂંટ !

આણંદમાં ચાર મહિના પહેલા રાજકીય ઇશારે બંધ થયેલી સિટી બસ સેવા અંગે પ્રજામાં રોષ

(પ્રતિનિધિ) આણંદ તા.11

આણંદને મહાનગરપાલિકાનો દરજ્જો મળ્યા બાદ સુવિધા વધવાના બદલે ઘટી હોવાની પ્રતિતિ પ્રજાને થઇ રહી છે. ખાસ કરીને સામાન્ય જનતા માટે આશીર્વાદરૂપ સિટી બસ સેવા બંધ કરી દેવામાં આવી છે. આ વાતને ચાર મહિના થવા છતાં નેતાઓ સંપૂર્ણ મૌન છે. આશ્ચર્યજનક બાબત એ છે કે, દરરોજ હજારો યુવા વિદ્યાર્થી રેલવે અને બસ માર્ગે આણંદ આવે છે અને તેમને અભ્યાસ અર્થે વિદ્યાનગર જવા માટે રિક્ષાનો સહારો લેવામાં આવે છે. જેમાં ભાડા બાબતે ઉઘાડી લૂંટ ચલાવવામાં આવે છે. આ ઉપરાંત ખિસોખીસ ભરેલી રીક્ષામાં યુવતી સાથે છેડછાડના કિસ્સા પણ વધ્યાં છે.

આણંદ નગરપાલિકા સમયે સારી રીતે ચાલતી સિટી બસ સેવા મહાનગરપાલિકાએ બંધ કરી દીધી છે. જેના કારણે મનપા વિસ્તારમાં છેલ્લા ચાર મહિનાથી સિટી બસ સેવા બંધ હોવાને કારણે સ્થાનિક નગરજનોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. વર્ષ 2005માં આણંદ પાલિકાએ આઠ કિલોમીટરના વિસ્તારમાં સરળ પરિવહન માટે વિટકોસ કંપની સાથે દસ વર્ષના કરાર કરી ખાનગી સિટી બસ સેવા શરૂ કરવામાં આવી હતી. બાદમાં વર્ષ 2014માં પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આણંદ પાલિકાને 20 નવી સિટી બસની ફાળવણી કરવાની મંજૂરી આપી હતી. પરંતુ આ પ્રક્રિયાને યેનકેન પ્રકારે ટલ્લે ચઢાવવામાં આવી હતી.

હાલમાં જ્યારે રાજ્યના નાયબ મુખ્યમંત્રીએ આણંદના નવા બસ મથકની મુલાકાત લીધી, ત્યારે સાંસદ અને ધારાસભ્ય દ્વારા બોરસદ અને ડાકોર માટે નવી બસોની માંગણી કરવામાં આવતા તાત્કાલિક ત્રણ નવી બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઘટનાને પગલે સ્થાનિકોમાં સવાલ ઉઠી રહ્યો છે કે જો અન્ય રૂટ માટે ત્વરિત નિર્ણય લેવાતા હોય, તો છેલ્લા ચાર મહિનાથી બંધ આણંદ સિટી બસ સેવા બાબતે નેતાઓ શા માટે શુષ્ક અભિગમ અપનાવી રહ્યા છે? તે પ્રશ્ન પણ પ્રજાને સતાવી રહ્યો છે.

સેકન્ડ હેન્ડ રીક્ષાઓના કારણે હવા પ્રદુષણ વધ્યું

આણંદમાં સિટી બસ બંધ થયા બાદ રીક્ષા ચાલકોને ઘી કેળાં થયાં છે. તેમાંય કેટલાક તો અમદાવાદ કે વડોદરા જિલ્લામાંથી સેકન્ડ હેન્ડ રીક્ષા ખરીદી લાવ્યા છે. આ કન્ડમ રીક્ષાઓ આણંદ, વિદ્યાનગર વચ્ચે બેફામ દોડી રહી છે. આ રીક્ષાઓને હવા પ્રદુષણ ફેલાવી રહી છે. જેના કારણે આણંદ શહેરનું પણ હવામાન બગડી રહ્યું છે. આ અંગે તંત્રએ પગલાં ભરવા જરૂરી બન્યું છે.

નવી 50 બસોની દરખાસ્ત છતાં અમલવારીમાં વિલંબથી આશ્ચર્ય

વર્ષ 2015માં વિટકોસના કરાર પૂર્ણ થયા હોવા છતાં સેવા ચાલુ રાખવામાં આવી હતી, જે ચાર મહિના પૂર્વે મહાનગરપાલિકા દ્વારા બંધ કરાવવામાં આવી છે. આ સેવા બંધ થતાની સાથે જ રાજ્ય સરકારમાં સિટી બસ સેવા અંતર્ગત 50 ઈ-બસ અને સીએનજી બસોની ફાળવણી માટે દરખાસ્ત કરવામાં આવી હતી. આ નવી બસોની ફાળવણી ન થાય ત્યાં સુધી એસટી નિગમ દ્વારા કામચલાઉ ધોરણે પાંચ બસની સુવિધા આપવા રજૂઆત કરાઈ હતી, જે પણ હાલ ટલ્લે ચઢી છે.

નેત્રમમાં ત્રણ સવારી ટુ વ્હીલર દેખાય છે, પરંતુ રીક્ષા પકડાતી નથી !

આણંદ જિલ્લામાં ટ્રાફિક નિયમન માટે નેત્રમ કેમેરાનો ઉપયોગ કરવામાં આવે છે. આ કેમેરામાં ત્રણ સવારી જતાં ટુ વ્હીલરને મેમો ફટકારવામાં આવે છે. પરંતુ આણંદ - વિદ્યાનગર વચ્ચે બેફામ દોડતી રીક્ષામાં સાતથી આઠ મુસાફરો ભરેલાં હોય છે. કેટલીક રીક્ષામાં ચાલક પાસે જ 3થી 4 મુસાફર બેઠાં હોય છે. આ બધી બાબત નેત્રમ કેમેરામાં કેમ પકડાતી નથી ? તે મોટો પ્રશ્ન છે.

બોરસદ પાલિકાને બેસ્ટ પર્ફોમન્સ ULBનો એવોર્ડ એનાયત કરાયો

નગરપાલિકાના GULM શાખાના પ્રતિનિધિઓને મોમેન્ટો અને પ્રમાણપત્ર અપાયા

(પ્રતિનિધિ) બોરસદ તા 11

ગાંધીનગર મુકામે ગુજરાત અર્બન લાઈવલીહુડ મિશન, ગાંધીનગર દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરુ કરવામાં આવેલ PM SVANidhi યોજનાનો "સ્વનિધિ સમારોહ" કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ તથા નગરપાલિકાઓના મહાનુભાવો, અધિકારીઓ તથા આ યોજનામાં કામ કરતા કર્મચારીઓ હાજર રહ્યા હતા. આ સમારોહમાં "સ્વનિધિ સે સમૃદ્ધિ" કાર્યક્રમ અંતર્ગત "બેસ્ટ પર્ફોમન્સ ULB " નો એવોર્ડ ગુજરાત રાજ્યના નાંણા અને શહેરી વિકાસ કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે બોરસદ નગરપાલિકાના GULM શાખાના મેનેજર આમિનભાઈ એ મન્સૂરી અને મેનેજર ટ્વિન્કલ જી શર્માને મોમેન્ટો અને પ્રમાણપત્ર આપી બોરસદ નગરપાલિકાની કામગીરી ને બિરાદવામાં આવી હતી.

નિયમોને નેવે મૂકીને ઇન્ચાર્જ આચાર્ય અને ડાયરેક્ટર વહીવટ ચલાવતા હોવાનો આક્ષેપ

આણંદ લો કોલેજમાં પરિપત્રનું ઉલ્લંઘન કરી આચાર્યપદ અપાયું!

પગાર બિલમાં નામ ન હોવા છતાં હોદ્દા ભોગવતા હોવાના ગંભીર આક્ષેપો સાથે કુલપતિને રજૂઆત

(પ્રતિનિધિ) આણંદ તા.11

સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન આણંદ લો કોલેજમાં છેલ્લા ઘણા સમયથી ગંભીર પ્રકારની લાલીયાવાડી ચાલતી હોવાની વિગતો પ્રકાશમાં આવી છે. જ્યાં કાયદાનું શિક્ષણ આપવામાં આવે છે, તે જ સંસ્થામાં ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી અને યુનિવર્સિટીના નિયમોનું ઉલ્લંઘન કરીને ઈન્ચાર્જ આચાર્ય અને ડાયરેક્ટર ગેરકાયદેસર રીતે હોદ્દો ભોગવી રહ્યાની લેખિત ફરિયાદ અરજદાર વનરાજદાન વિષ્ણુદાન ગઢવી દ્વારા કરવામાં આવી છે.

યુનિના કુલપતિને રજુઆતમાં જણાવ્યું હતું કે, ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી દ્વારા 16મી ફેબ્રુઆરી, 2024ના રોજ કરવામાં આવેલા પરિપત્ર મુજબ, ઈન્ચાર્જ આચાર્ય તરીકે માત્ર તે જ કર્મચારીને હવાલો સોંપી શકાય જેનું નામ સંબંધિત કોલેજના પગાર બિલમાં હોય. આમ છતાં, આણંદ લો કોલેજમાં હાલના ઈન્ચાર્જ આચાર્ય અને ડાયરેક્ટરનું નામ પગાર બિલમાં ન હોવા છતાં તેઓ તમામ સત્તાઓ ભોગવી રહ્યા છે. આ ઉપરાંત, સરદાર પટેલ યુનિવર્સિટીના 22મી સપ્ટેમ્બર, 2008ના પરિપત્ર મુજબ, એક જ સંસ્થાની એક કોલેજના આચાર્ય કે પ્રાધ્યાપકને અન્ય કોલેજના કાર્યકારી આચાર્ય તરીકે નિમણૂંક આપી શકાય નહીં. આ સ્પષ્ટ આદેશો હોવા છતાં અહીં ગેરકાયદેસર વહીવટ ચાલી રહ્યો છે.

અરજદારના જણાવ્યા મુજબ, કોલેજના અન્ય એક પ્રોફેસરનું નામ ઈન્ચાર્જ આચાર્ય તરીકે ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરીના દફતરે અને પગાર બિલમાં નોંધાયેલું છે. તેમ છતાં, નિવૃત્ત આચાર્ય અમિત પરમાર, ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજમાં ડાયરેક્ટરની કોઈ જ જોગવાઈ ન હોવા છતાં ડાયરેક્ટર તરીકે અને રેખાકુમારી સિંગ, જેઓનું નામ પગાર બિલમાં નથી, તેઓ ઈન્ચાર્જ આચાર્ય તરીકે ગેરકાયદેસર ફરજ બજાવી રહ્યા છે. આ બન્ને વ્યક્તિઓ સરકારી કચેરીઓમાં પત્રવ્યવહાર કરવાથી માંડીને માહિતી અધિકાર (RTI) હેઠળના જવાબો અને વિદ્યાર્થીઓને જાહેર નોટિસો આપવા જેવી કામગીરી પોતાની સહીથી કરી રહ્યા છે, જે સંપૂર્ણપણે ગેરકાયદેસર છે. આથી, અરજદારે માંગણી કરી છે કે આવા ગેરલાયક વ્યક્તિઓને તાત્કાલિક અસરથી હોદ્દા પરથી દૂર કરવામાં આવે. જે પ્રોફેસરનું નામ સત્તાવાર રીતે ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરીમાં ઈન્ચાર્જ આચાર્ય તરીકે નોંધાયેલું છે, તેમને જ તમામ નિયમો મુજબ નિમણૂંક આપીને વહીવટ સોંપાય તેવી રજૂઆત કરાઈ છે.

આણંદ એલસીબીએ મોબાઈલ ચોરનાર રીઢા ગુનેગારને પકડયો

એલસીબીએ નવ મોબાઇલ સાથે 2.12 લાખનો મુદ્દામાલ પકડયો

(પ્રતિનિધિ) આણંદ, તા.11

વડતાલ જોળ રોડ પર આવેલ હરિદર્શન રેસીડેન્સીની દુકાન નં,7 તથા 8 ના શટર તોડી મોબાઇલ ફોન તથા સીસીટીવી ડીવીઆર મળી તસ્કરોએ કુલ રૂ.237100- ની ચોરી કરી હતી. જે અંગે એલસીબીએ ગણતરીના દિવસોમાં જ ચોરીનો ભેદ ઉકેલી ગુનાખોરને ઝબ્બે કરી લીધો હતો.જેમા એલસીબીએ ચોરી થયેલ નવ મોબાઇલ સહિત રૂ.212991- નો મુદ્દામાલ રીકવર કર્યો હતો.

આણંદ એલસીબીને પટ્રોલીંગ દરમિયાન મોબાઇલ ચોરીની ગુનાખોરી અંગે ચોકકસ બાતમી મળી હતી.જે મુજબ ગુનાખોર ચોરી કરેલ મોબાઇલ લઇને આણંદ શાસ્ત્રી મેદાન ખાતે આવનાર હોવાની જાણકારી મળી હતી.જે બાતમી હકીકતના આધારે પોલીસે વોચ ગોઠવી હતી.ત્યારે શકમંદ આરીફભાઇ યુસુફભાઇ વ્હોરા રહે.આણંદ મોબાઇલ વેચવા આવતા પોલીસે કોર્ડન કરી દબોચી લીધો હતો. જેની અંગજડતી કરતા તેની પાસે રહેલ સ્કુલ બેગમાંથી અલગ અલગ કંપનીના નવ મોબાઇલ પકડાયા હતા.તે સ્થિતિમાં એલસીબીએ સઘન પુછપરછ કરતા ગુનાખોરે અન્ય બે સાથીદારો સાથે મળી વડતાલ જોળ રોડ પર આવેલ દુકાનમાંથી ચોરી કરેલ હોવાની કબુલાત આપી હતી.જે અંગે પોલીસે પકડાયેલ નવ મોબાઇલ સહિત 212991- નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.જે અંગે એલસીબીએ પકડાયેલ ગુનાખોરને વડતાલ પોલીસ સ્ટેશન ખાતે સોપી આપ્યો હતો.

બોરસદમાં આધાર કાર્ડ દીઠ માત્ર બે થેલી ખાતર અપાતાં ખેડૂતોમાં આક્રોશ

ઠંડીમાં બોરસદ ખાતર ડેપો ખાતે સવારથી ઊમટી પડતા જરૂરીયાત મુજબ ખાતર ના મળતાં મુશ્કેલીઓ

(પ્રતિનિધિ) બોરસદ તા.11

બોરસદ તાલુકામાં ખેડૂતોને જરૂરીયાત મુજબ ખાતરનો જથ્થો ના મળતાં ભારે આક્રોશ ભભૂક્યો છે. બોરસદ તાલુકાના ખેડૂતો માટે હાલ ખાતર સંદર્ભે સંકટ ઊભું થયું છે. વાવણીના અતિ મહત્વના સમયે ખેડૂતોને પૂરતું ખાતર ન મળતા ખેતી પર મોટી સમસ્યા સર્જાય રહી છે. બોરસદના ખાતર વિતરણ કેન્દ્રો ખાતે વહેલી સવારથી જ ખેડૂતોની લાંબી કતારો જોવા મળે છે. પરંતુ આશા લઈને આવેલા ખેડૂતોને નિરાશ થવું પડે છે, કારણ કે એક આધારકાર્ડ દીઠ માત્ર બે બેગ ખાતર જ આપવામાં આવી રહ્યું છે. જેથી ખેડૂતો માટે મુશ્કેલીઓ વધી જવા પામી છે.

બોરસદ તાલુકાના ખેડૂતોએ ભારે આક્રોશ વ્યક્ત કરતાં જણાવ્યું છે કે હાલ વાવણીનો સમય ચાલી રહ્યો છે. અને ખાતર વગર પાકની યોગ્ય વૃદ્ધિ શક્ય નથી. પૂરતા પ્રમાણમાં ખાતર ન મળવાથી પાક નબળો રહેવાની અને આખો પાક ખલાસ થઈ જવાની ગંભીર ભીતિ પ્રવર્તી રહી છે. ખાતર વિતરણ કેન્દ્રો ખાતે અનેક ખેડૂતો કલાકો સુધી લાઈનમાં ઉભા રહ્યા છતાં જરૂરિયાત મુજબ ખાતર મળતું નથી. ખાતર અછતને કારણે ખેડૂતોમાં ભારે રોષ ફેલાયો છે. સમયસર અને પૂરતા પ્રમાણમાં ખાતર પુરવઠો ન થાય તો આવનારા દિવસોમાં ઉત્પાદન પર સીધી અસર પડશે. અને ખેડૂતોને ભારે આર્થિક નુકસાન સહન કરવું પડશે. ખેડૂતો દ્વારા તાત્કાલિક ખાતર પુરવઠો વધારવાની અને પ્રતિબંધો હટાવવાની માંગ ઉઠી રહી છે. અને જો ખડૂતોને ખાતર પૂરતા પ્રમાણમાં નહિ માળે તો આંદોલનની ચેતવણી પણ ખેડૂતો દ્વારા આપવામાં આવી રહી છે.

કણભા ગામના ખેડૂત દ્વારા ખાતરની અછત બાબતે જણાવ્યું છે કે અમારે પાંચ પાંચ વીઘા જમીન માટે માત્ર બે થેલી યુરિયા આપ્યું છે. હવે સમસ્યા એ છે કે માત્ર બે કોથળી ખાતર દસ વીઘામાં ક્યાં નાખીએ ? માટે હવે રવી પાક નિષ્ફળ જાય તેવી બીક લાગે છે.

આણંદ તોલમાપ વિભાગ દ્વારા 12.5 લાખની દંડ વસૂલાત

સૌથી વધુ 2477 જેટલી ગેરરીતિઓ ઇલેક્ટ્રોનિક્સ વેઈંગ સ્કેલમા ઝડપાઇ

(પ્રતિનિધિ) આણંદ તા.11

આણંદ જિલ્લામાં મદદનીશ નિયંત્રક કાનુની માપ વિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા અધિકારીની કચેરી દ્વારા વિવિધ સ્થળોએ વજનમાપનું વેરીફીકેશન કરીને 12,59,095ની આવક સરકારી તિજોરીમાં જમા કરાવી છે. જેમાં ઈલેક્ટ્રોનિક્સ વેઈંગ સ્કેલ ડીજીટલના 2477ની ચકાસણી કરતા ગેરરીતી અને નિયમ વિરૂદ્ધ વજન ઓછુ આપતા 6,59,490ની રકમ વેપારીઓ પાસેથી વસુલી છે. તેવી જ રીતે માલવાહક વાહનોના વેબ્રીજની ચકાસણી દરમ્યાન 44 કિસ્સાઓમાં 92 હજાર ની રકમ વસુલી છે. જ્યારે પેટ્રોલ અને ડીઝલ પંપના વેરીફીકેશન દરમ્યાન નોઝલના 299 કિસ્સામાં 4,48,500 ની આવક ઉભી થઈ છે. તેવીજ રીતે સીએનજી પંપમાં તપાસ દરમ્યાન નોઝલના 26 કિસ્સાઓમાં 39 હજાર અને એલપીજી પંપમાં 1500 રૂપિયા વસુલ્યા છે. તેમજ વેપારીઓ દ્વારા તેઓના કાઉન્ટર ઉપર રાખવામાં આવેલા સ્કેલની ચકાસણીમાં 19 કિસ્સાઓમાં 500 નો દંડ વસુલાયો છે. તોલમાપ વિભાગ દ્વારા સમાયંતરે ડ્રાઈવ યોજીને કામગીરી કરવામાં આવી રહી છે.

સરકારે નીતિ બદલીને ગ્રાન્ટને બદલે ઉચ્ચ ગુણવત્તાવાળા સાધનો આપવાનો નિર્ણય

આણંદમાં બાલવાટિકાથી માંડી ધો.12ની શાળાઓને રમતગમતના સાધનો અપાશે

અગાઉ શાળાઓને ગ્રાન્ટથી ખરીદી થતી હતી પરંતુ હવે રમતના સાધનોની ફાળવણી કરાશે

(પ્રતિનિધિ) આણંદ તા.11

આણંદ જિલ્લામાં શિક્ષણ વ્યવસ્થામાં હવે રમતગમતને વધુ વેગ મળે તેવું ખાસ આયોજન કરવામાં આવ્યું છે. રાજ્ય સરકાર દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેતા આણંદ જિલ્લાની તમામ સરકારી શાળાઓમાં બાલવાટિકાથી લઈને ધોરણ 12 સુધીના વિદ્યાર્થીઓ માટે રમતગમતના સાધનો ફાળવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. અને આ માટે એક યાદી તૈયાર કરી શાળાઓને વિધાર્થીઓની સંખ્યા મુજબ કેટલા સાધનો ફાળવવાના થશે. તે જાહેર કરવામાં આવ્યું છે. આ પહેલા સરકારના સર્વ શિક્ષણ અભિયાન ધ્વારા શાળાઓને ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવતી હતી અને શાળાઓ પોતે રમતના સાધનોની ખરીદી કરતાં હતા. જો કે હવે ગ્રાન્ટને બદલે સીધા સાધનોની ફાળવણી કરાશે. અત્યાર સુધી શાળાઓને રમતગમતના સાધનો ખરીદવા માટે રોકડ ગ્રાન્ટ આપવામાં આવતી હતી, જેમાં ઘણીવાર ગુણવત્તા અને ખરીદીની પ્રક્રિયામાં વિલંબ જેવી સમસ્યાઓ જોવા મળતી હતી. આ વખતે સરકારે નીતિ બદલીને ગ્રાન્ટને બદલે સીધા ઉચ્ચ ગુણવત્તાવાળા સાધનો આપવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણયનો મુખ્ય હેતુ બાળકોને રમવા માટે સારી અને ટકાઉ વસ્તુઓ મળી રહે તેવો છે. આ અંગે મળતી માહિતી મુજબ, શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા અને જરૂરિયાતના આધારે સાધનોની ફાળવણી કરવામાં આવશે. જેમાં નાની અને મોટી શાળાઓ માટે અલગ-અલગ કિટનું આયોજન રજૂ કરાયું છે. બાળકોના શારીરિક વિકાસને ધ્યાનમાં રાખીને આ સાધનોની પસંદગી કરવામાં આવી છે.

આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા 'સ્ટાર્ટઅપ વીક'ની ઉજવણી કરાઇ

ગુજરાતના ગ્રામીણ વિસ્તારના 200થી વધુ યુવા આંત્રપ્રિન્યોર્સને મળશે નવી દિશા

(પ્રતિનિધિ) આણંદ તા.11

દેશમાં 16મી જાન્યુઆરીના રોજ ઉજવવામાં આવતા 'રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસ'ના ભાગરૂપે, આણંદ કૃષિ યુનિવર્સિટીના એઆઈસી આણંદ ફાઉન્ડેશન દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ 'સ્ટાર્ટઅપ આણંદ વીક'નું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ગુજરાતના ગ્રામીણ વિસ્તારોના યુવાનોમાં ઉદ્યોગસાહસિકતાના બીજ રોપવાનો અને તેમને વ્યવસાયિક ક્ષેત્રે પ્રોત્સાહિત કરવાનો છે.

આણંદ, ખેડા અને ભરૂચ જિલ્લાના ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ માટે વિશેષ સપ્તાહ અંતર્ગત વિવિધ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પહેલમાં ભાઈકાકા સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ-સોજીત્રા, સરકારી આર્ટ્સ | કોમર્સ કોલેજ-કઠલાલ, અને નૂતન ગ્રામવિદ્યાપીઠ-

થવા (ભરૂચ) જેવી શૈક્ષણિક સંસ્થાઓએ સહયોગ આપ્યો હતો. આ કાર્યક્રમોમાં મુખ્યત્વે ગ્રામ્ય સ્તરની સમસ્યાઓની ઓળખ, તેના ઉકેલ માટેના આઈડિયાનું નિર્માણ અને ઉદ્યોગસાહસિકતા પ્રત્યે જાગૃતિ લાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

એઆઈસી આણંદ ફાઉન્ડેશનના સીઈઓ નિકુંજ સોનીએ વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યોને સંબોધતા જણાવ્યું હતું કે, સરકાર અને ઈન્ક્યુબેશન સેન્ટરના સપોર્ટનો ઉપયોગ કરીને કેવી રીતે સફળ સ્ટાર્ટઅપ બનાવી શકાય છે. આ ઉપરાંત, ફાઉન્ડેશનના આસીસ્ટન્ટ મેનેજર ડો. જીગ્નેશ મેકવાન અને બિઝનેસ એક્ઝિક્યુટિવ સાગર ગાબુએ વિદ્યાર્થીઓને ઈનોવેશન પ્રવૃત્તિઓ દ્વારા ગ્રામ્ય સ્તરના પડકારો ઝીલી તેના સચોટ ઉકેલો વિકસાવવા માટેની ટેકનિકલ જાણકારી પૂરી પાડી હતી.

આગામી 'આણંદ સ્ટાર્ટઅપ ડે' પર સીડ ફન્ડિંગની જાહેરાત આ ઉજવણીના આગામી પડાવ તરીકે 17મી જાન્યુઆરી, 2026ના રોજ આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે 'આણંદ સ્ટાર્ટઅપ ડે' કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમની વિશેષતા એ છે કે તેમાં સેન્ટરના 30થી વધુ સ્ટાર્ટઅપ અને વિદ્યાર્થી ઈનોવેટર્સને તેમના વ્યવસાયિક સાહસના વિકાસ માટે સીડ ફન્ડિંગ (આર્થિક સહાય) એનાયત કરવામાં આવશે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225